# પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓના કર્મચારીઓની બાળકો પ્રત્યેની તકેદારી

વિષ્ણુભાઇ વિરમભાઇ શ્રીમાળી
પીએચ.ડી.સંશોધક
શિક્ષણશાસ્ત્ર વિભાગ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,ગાંધીનગર

ડૉ. રૂપમ ઉપાધ્યાય
પીએચ.ડી. માર્ગદર્શક અને
આસિસ્ટન્ટ પ્રોફેસર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## ૧. પ્રસ્તાવના

પૂર્વ પ્રાથમિક શિક્ષણ એટલે નાનાં ભૂલકાંઓ માટે ખુલ્લુ આકાશ. નાનાં ભૂલકાંઓ સાથે સંલગ્ન આ પૂર્વ પ્રાથમિક શિક્ષણ અથવા પ્રારંભિક બાલ્યશિક્ષણનો વાસ્તવિક અર્થ શું છે? શું આ સંસ્થા ઓનો આ ઉંમરમાં બાળકોને વાંચન અને લેખન શીખવવું એ ઉદ્દેશ્ય છે? શું બાળકોને એક ઓરડામાં એકઠા કરીને બેસાડવા એ પૂર્વ પ્રાથમિક શિક્ષણ છે? પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે કેવા પ્રકારના સંશાધનની જરૂરીયાત છે?આ સંસ્થાઓમાં કેવા પ્રકારની પ્રવૃત્તિઓ થવી જોઈએ? આ સંસ્થાઓ સાથે જોડાયેલ કર્મચારીઓમાં કેવા પ્રકારની લાયકાત હોવી જોઈએ? આ પ્રકારના અનેક પ્રશ્નો આપણા મનમાં ઉત્પન્ન થાય છે.કારણકે પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓમાં આવતા બાળકોની ઉંમર માત્ર ત્રણ વર્ષ હોય છે.આ ત્રણથી પાંચ એમ બે વર્ષની કુમળી આયુમાં તે શિક્ષણ મેળવવા માટે આ સંસ્થાઓમાં આવે છે.માટે આ બધાજ પ્રશ્નોમાં આ સંસ્થામાં કાર્ય કરતા કર્મચારીઓની બાળકો પ્રત્યેની જવાબદારી અનેકગણી વધુ મહત્ત્વની છે.

## ૨. પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓના કર્મચારીઓની બાળકો પ્રત્યેની તકેદારી

પૂર્વ પ્રાથમિક શિક્ષણ એટલે બાળક પ્રાથમિક શાળાના ધોરણ-1માં પ્રવેશ મેળવે તે માટેનો એક સેતુ. પૂર્વ પ્રાથમિક શિક્ષણનો એક ઉદ્દેશ્ય બાળકને શાળામાં બેસવાનો પૂર્વ અનુભવ મળી રહે, બાળકોને વાંચન-લેખન તરફ આગળ લઈ જઈ શકાય અને સાથેસાથે કૂપોષણની સમસ્યાથી પણ બચાવી શકાય. આ ઉદ્દેશ્યથી જ આપણા દેશમાં 'આંગણવાડી' કેંદ્રની શરૂઆત થઈ.જો કે આજે આંગણવાડી કેન્દ્ર સિવાય પણ પૂર્વ પ્રાથમિક શિક્ષણની અનેક નર્સરી સંસ્થાઓ,પ્લે ગ્રૂપ,કિન્ડરગાર્ટન સંસ્થાઓ અસ્તિત્ત્વ ધરાવે છે.જ્યાં અનેક નાનાં ભૂલકાંઓ પૂર્વ પ્રાથમિક શિક્ષણ મેળવવા માટે આવે છે.ત્યારે આ સંસ્થાઓમાં કાર્ય કરતા કર્મચારીઓની પોતાની સંસ્થામાં આવતા બાળકો પ્રત્યેની તકેદારીની અનેકગણી અપેક્ષાઓ વધી જાય છે એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી.આથી આ સંસ્થાઓમાં કાર્ય કરતા કર્મચારીઓ કેવા હોવા જોઈએ તેના પર દષ્ટિપાત કરીએ.

## ૩. કર્મચારી બાળકો સાથે પોતીકાપણું ધરાવનાર હોવા જોઈએ

પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંસ્થામાં આવતા બાળકની ઉંમર માંડ ત્રણ કે તેથી વધુ હોય છે. કુમળી વય ધરાવતું બાળક પોતાના કોઈપણ કાર્ય પોતાની જાતે કરી શકતું નથી. જેમકે,ખાવું-પીવું, સૂવું, સ્નાન કરવું, કપડાં પહેરવાં, નાસ્તો કરવો, શૌચક્રિયા વગેરે કાર્યમાં તેને માતા,પિતા કે ઘરના સભ્યોની જરૂરીયાત રહે છે. સૌ પ્રથમ તે આ કાર્યમાં માતાની સહાયની જ અપેક્ષા રાખે છે.માતા પછી તે પિતાની અને આ બંને હાજર ન હોય ત્યારે ઘરનાં અન્ય સભ્યોની સહાય લે છે.

Vol. 7, Issue: 1, January: 2019
ISSN:(P) 2347-5404 ISSN:(O)2320 771X

હવે,જ્યારે આ કૂમળી વય ધરાવતું બાળક પૂર્વ પ્રાથમિક કેન્દ્રમાં જાય ત્યારે પાણી પીવાની જરૂરીયાત ઉત્પન્ન થાય કે શૌચક્રિયા કે ઉલટી થાય ત્યારે ? આ સમયે સંસ્થાના કર્મચારી ઓને બાળક પ્રત્યે સૂગ ઉત્પન્ન ન થાય તે અત્યંત જરૂરી છે.સંસ્થાના કર્મચારીએ આ સમયે બાળક આવેગને અટકાવે નહીં તેનું ધ્યાન રાખવું અત્યંત જરૂરી છે.આ કારણથી લઈને જ આંગણવાડીમાં કેંદ્ર સંચાલક અને તેડાગર તરીકે બહેનોની જ નિમણૂંક કરવામાં આવે છે.તેમજ નર્સરી,પ્લે ગ્રૂપ, કિંડર ગાર્ટન કે શિશુવાટિકા સંસ્થાઓમાં બહેનોની જ શિક્ષિકા તરીકે નિમણૂંક આપવામાં આવે છે.કારણકે તેમનામાં માતૃત્વ અને બાળકો પ્રત્યે માતાની જેવી લાગણી હોય છે.આ ઉપરાંત સંસ્થામાં આવતા તમામ બાળકો સંસ્થાના કર્મચારીઓ માટે એક સરખા હોવા જોઈએ.તમામ બાળકો માટે તે પોતિકાપણું ધરાવતાં હોવા જોઈએ.નાસ્તા ની વહેંચણીમાં પણ તમામ બાળકો ને એક સરખો નાસ્તો મળે એ ધ્યાન રાખવું જોઈએ. એમાં વ્હાલા-દવાલાની નીતિ ન હોવી જોઈએ.

**૪. કર્મચારી એટલે માળી**

પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓમાં આવતા બાળકોની ઉંમર ખૂબજ નાની હોય છે. આ ઉંમરમાં બાળકોનો યોગ્ય દિશામાં વિકાસ થવો ખૂબજ જરૂરી છે. બગીચામાં માળી જેવી રીતે કૂમળા છોડની સાર-સંભાળ રાખીને, માવજત કરીને, ખાતર-પાણી આપીને, જમીનની ગોદ કરીને વિકાસ કર છે તેવું જ કાર્ય આ સંસ્થામાં કાર્યરત કર્મચારીનું છે.કર્મચારીઓ એ એક-એક બાળક સાથે એક નાજુક છોડની જે રીતે માળી દેખરેખ રાખે છે તેવી જ દેખરેખ રાખવાની છે.

**૫. કર્મચારી એટલે મનોવૈજ્ઞાનિક**

બાળકો મોટાભાગે અનુકરણ કરીને શિક્ષણ મેળવે છે.તેમાં પણ આ ઉંમરના બાળકોમાં કોઈપણ બાબતનું ઝડપથી અનુકરણ કરવાની ટેવ હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને આ સંસ્થાઓમાં કાર્યરત કર્મચારીઓએ ક્યારેય પણ એવું વર્તન આ બાળકોની સમક્ષ ન  કરવું જોઈએ કે જે વર્તન યોગ્ય ન હોય.

પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓમાં કાર્યરત કર્મચારીઓએ એકબીજા સાથે,બાળકો સાથે  કે બહારથી આવનાર અન્ય કોઈપણ વ્યક્તિ સાથે વાતચીત કરતાં સમયે યોગ્ય ભાષાનો પ્રયોગ કરવો જોઈએ.વાતચીત સમયે ક્યારેય પણ તોછડી ભાષા કે ખરાબ શબ્દોનો ઉપયોગ ના કરવો જોઈએ. કારણ કે, બાળક તેનું અનુકરણ કરે છે. માટે,આ બાબતની ખાસ કાળજી રાખવી ખૂબજ જરૂરી છે.બાળકો સાથે વાતચીતમાં શુધ્ધ ભાષાનો પ્રયોગ કરવો જોઈએ.બાળકો પણ એકબીજા સાથે શુધ્ધ ભાષામાં વાતચીત કરે તેનું ધ્યાન રાખવું જોઈએ.જો અશુધ્ધ ભાષાનો પ્રયોગ કરે અથવા ખરાબ શબ્દોનો પ્રયોગ કરે ત્યારે તરત બાળકને અટકાવીને તેની ભાષા સુધારવાનો પ્રયત્ન કરવો જોઈએ.તો જ તે અનુચિત શબ્દપ્રયોગ કે ભાષાનો ઉપયોગ ટાળી શકશે.

**૬. ઉપસંહાર**

નાનું બાળકએતો ભગવાનનું સ્વરૂપ માનવામાં આવે છે.કાલી-ઘેલી ભાષામાં બોલતું અને પોતાની વાતને રજૂ કરતા બાળકનો યોગ્ય દિશામાં વિકાસ થાય તે માટે પાયો મજબૂત હોવો જરૂરી છે. આ પાયાને મજબૂતાઇ આપવાનું કાર્ય પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓનું પણ છે.માટે આ સંસ્થાઓમાં આવતા બાળકોના યોગ્ય વિકાસ તરફ ધ્યાન આપવું અને બાળકોની તકેદારી રાખવી એ પૂર્વ પ્રાથમિક શિક્ષણ સંસ્થાઓમાં કાર્યરત કર્મચારીઓની નૈતિક ફરજ બની રહે છે.

**સંદર્ભ સૂચિ**

1. બાળ સંભાળ સેવા આયોજન CCCD-01( પુસ્તક શ્રેણી) પુસ્તક નંબર-07, ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી અને ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.
2. www.google.com